ઓમિક્રોનના વધતા કહેરથી ચિંતા વધી

જિલ્લામાં ધો.૧ થી ૫ માં અભ્યાસ કરતા ૧.૫૦ લાખ બાળકો ઉપર જોખમ વધ્યું

ગમે તે ઘડીએ શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ થવાના આદેશ છૂટે તેવી ધારણા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

રાજ્યમાં કોરોનાના મિઝોન નવા વેરિયન્ટના નોંધાયેલા નવા કેસથી ચુંટણી તેમજ લગ્નના અવસરો ઉપર સંકટ ઉભું થયું છે. ધો.૧ થી ૫ શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું છે પરંતુ ડોક્ટરોએ પણ ઓમિકોનના વધતા કહેરથી ચિંતા વ્યક્ત કરતાં સાબરકાંઠા જિલ્લાની સરકાર-ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા ૧,૫૦,૦૦થી વધુ બાળકો ઉપર જોખમ ઉભું થયું છે તે જોતાં સરકાર દ્વારા ગમે તે ઘડીએ તકેદારીના ભાગરુપે શૈક્ષણિક કાર્ય બંધ થવાના આદેશ છૂટે તેવી ધારણા જોવા મળી છે.

છેલ્લા ૨૨ મહિનાથી કોરોનાના કારણે શિક્ષણ સહિત અર્થવ્યવસ્થાને ગંભીર અસર પડી છે. કોરોનાનું સંક્રમણા છેલ્લા ૩ મહિનાથી અંશત કાબૂમાં આવતાં નવા બીજા શૈક્ષણિક સત્રથી ધો.૧ થી પમાં ઓફલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું. શિક્ષકો. પણ શાળામાં શિક્ષણકાર્ય શરૂ થતાં ખુશ જણાયા. પરંતુ સરકારી અને ખાનગી મોટાભાગની

શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ છે તાં સોશિયલ ડિસ્ટન્સ, સેનેટાઈઝેશન અને માસ્ક પહેરવાનું લગભગ ભુલાયું છે. જ્યારે વિશ્વના અનેક દેશોમાં કોરોના નવા વેરિ યન્ટ હાહાકારથી ડોક્ટરોએ પણ પ્રજા અને વાલીઓને વધુ સતર્ક રહેવા જણાવ્યું છે. સદનસીબે સાબરકાંઠા જિલ્લાની સરકારી તે મજ ખાનગી ધો.૧ થી ૫ ની ૨૭૦૮ શાળાઓમાં કોઈપણ બાળક કોરોનથી સંક્રમિત જણાયું નથી પરંતુ બદલાતા હવામાનના ક (રણે અનેક બાળકોને શરદી, ઉધરસ અને તાવ જેવી અસર જોવા મળે છે. જ્યારે કોરોનાના નવા વેરિયન્ટના લક્ષણો કેટલાંક મળતા આવતા હોવાથી ડોક્ટરોએ જાગ્રતતા દાખવવા અનુરોધ કર્યો છે. આ જોતાં જિલ્લામાં જો કોઈ બાળકોમાં કોરોનાના શંકાસ પદ લક્ષણો જણાય તો તાબડતોબ વાલીઓએ પણ શિક્ષકો અને આરોગ્ય તંત્રને સાવધ કરવા જણાવાયું છે. જિલ્લાના બાળરોગ નિષ્ણાત અનેક ડોક્ટરોનું માનવું છે કે કોરીનાના નવા વેરિયન્ટ સામે સાવચેતી રાખવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી અને આ સંજોગોમાં કોઈપણ પ્રકારનું જોખમ લીધા વગર ધો.૧ થી ૫ ની શાળાઓમાં ઓફલાઈન શિક્ષણા બંધ કરીને બાળકોને સંભવિત કોરોનાના સંક્રમણી બચાવવા જોઈએ તેવો પોતાનો અંગત મત વ્યક્ત કર્યો છે અને જણાવ્યું કે યુરોપ, દક્ષિણ આફ્રિકામાં ઓમિક્રોનના નવા વેરિયન્ટના કારણે ત્રીજી લહેરનું બાળકો ઉપર જોખમ વધ્યું છે તેવો વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ ચિંતાજનક છે અને તેથી જ બાળકો ઉપર જોખમ ન વધે તે માટે અત્યારથી જ તકેદારીના પગલા ભરવા જોઈએ.

પ્રવાસીઓમાં કોરીનાની ત્રીજી લહેરનો ભય વધ્યો

વિજયનગરના પોળો વિસ્તાર અને શામળાજીમાં પ્રવાસીઓ ઘટ્યા

લગ્નના અવસરના કારણે પણ પ્રવાસી ઘટવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

માંડ ભુલાયેલો કોરોના હવે કોરોનાના નવા વેરિયન્ટના કારણે ફરી ચર્ચામાં આવી ગયો છે. જિલ્લાની પ્રજામાં પણ કોરી નાની ત્રીજી લહેરની આશંકા વધી છે. જિલ્લાના પ્રવાસનધામ વિજયનગરના પોળો વિસ્તાર તેમજ શામળાજીમાં પ્રવાસીઓ ઘટ વાની વિગતો જાણવા

મળી છે જ્યારે કોરોના સંક્રમણ ઉપર લગ્નના અવસરના કારણે પ્રવાસી ધાની પણ કેટલાંક વેપારીઓ એ સંભાવના વ્યક્ત કરી છે.

વર્ષ ૨૦૨૦ પછી ૨૦૨૧માં પણ કોરોના સૌથી વધુ ચર્ચામાં રહ્યો છે. કોરોનાના કારણે મોતને ભેટેલા પરીવારના સ્વજનો ને સુપ્રિમકોર્ટની ટકોર બાદ રાજ્ય સરકારે રુ.૫ની સહાય જાહેર કરી જરૂરી દસ્તાવેજ સાથે સહાય અરજીઓ માંગવામાં આવી છે પરંતુ મોટાભાગની અરજી નામંજુર કરાતા મૃતકોના પરીવારજનોમાં રોષ પ્રજ્વલિત થયો છે. જિલ્લામાં પાછલા ૨૦ દિવસમાં કોરોના સંક્રમિત ૧૦ કેસ નોંધાયા છે જ્યારે વિદેશથી આવેલા અનેક નાગરિકોને હોમકોરન્ટાઈન કરાયા પછી હાઈરીસ્કી દેશોનો પ્રવાસ કરનારા પ્રવાસીઓના આરોગ્ય એ ને મેડિકલ રીપોર્ટ ઉપર સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગે નજર સ્થિર કરી છે. જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીનો મહા જંગ શરુ થયો છે. લગ્નના અવસરોમાં પણ ચરમસીમાએ છે અને કહેવાતા આ બંને મેળાવડા વાળા પ્રસંગોમાં મોટી ભીડ એકત્ર થતાં કોરોનાની ત્રીજી લહેર અટકાવવી મુશ્કેલ છે તેવી ચેતવણી આપવામાં આવી છે અને હવે રાજ્યમાં પણ કોરોનાનું સંક્રમણ વકરતું હોવાના આરોગ્ય વિભાગના આંકડા પછી મોટાભાગના પ્રજાજનોએ હરવા-ફરવા ઉપર સ્વયં પાબંદી લગાવી છે. વિજય નગરના પોળો વિસ્તાર તેમજ ટેન્ટ વિસ્તારમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્થાનિક ધં ધાદારીઓ પણ જણાવી રહ્યા છે કે કોઈપણ કારણ હોય પરંતુ પ્રવાસીઓની સંખ્યા હવે જૂજ પ્રમાણમાં જોવા મળી રહી છે.

સરકાર સામે લડી લેવા બેંક યુનિયન મક્કમ

જિલ્લામાં ખાનગીકરણના વિરોધમાં ૧૬૦૦ કર્મચારીઓ જોડાશે તા.૧૬-૧૭ ડિસેમ્બરે બેંકમાં કામકાજ બંધ

રુ.૨૦૦ કરોડથી વધુના આર્થિક વ્યવહારોને અસર થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

રાષ્ટ્રીયકૃત બેંકોના ખાનગીકરણ અને બેંકના કાયદામાં સુધારા કરતા ખરડાના વિરોધમાં બેંક યુનિયન લડી લેવા મક મ છે જેથી આગામી તા.૧૬ અને ૧૭ ડિસેમ્બરે યુનિયન દ્વારા કાયદા સુધારાના વિરોધમાં હડતાલનું રણશિંગુ ફૂંકવામાં આવતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૨ દિવસ બેંકો બંધ રહેશે. ૧૪ તાલુકામાં આવેલી બેંકોના ૧૦૦થી વધુ કર્મચારીઓ વિરોધ માં જોડાશે. સરકાર રાષ્ટ્રીયકૃત બેંકોનું ખાનગીકરણ કરવા માટે હજીય સક્રીય હોવાના કારણે યુનિયન દ્વારા હડતાલનો માર્ગ અ પનાવ્યાનું જાણવા મળ્યું છે. બેંક યુનિયન દ્વારા આપવામાં આવેલી હડતાલને પગલે બંન્ને જિલ્લામાં દૈનિક થતા રુ ૨૦૦ કરોડ થી વધુના આર્થિક વ્યવહાર ખોરવાઈ જશે.

છેલ્લા ઘણા સમયથી રાષ્ટ્રીયકૃત બેંકોના યુનિયન દ્વારા કાયદા સુધારાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. અગાઉ પણ બેંક કર્મીઓએ સરકાર સામે આંદોલનનો જંગ છેડયા પછી યુનિયન સાથે થયેલ વાટાઘાટોનો કોઈ ઉકેલ આવ્યો નથી જેથી તા.૧ ૬-૧૭ ડિસેમ્બરના રોજ ફરીથી બેંકોમાં કામકાજ બંધ કરવા માટે રાજ્ય વ્યાપી યુનિયન લડી લેવાના મૂડમાં છે. કેન્દ્ર સરકાર બેંકના કાયદામાં સુધારા રજૂ કરવા માટે સંસદના શિયાળુ સત્રમાં ખરડો લાવી રહી છે. જેના કારણે હવે યુનિયન દ્વારા રાષ્ટ્રવ્યાપી ૨ દિવસ માટે બેંકોમાં કામકાજ બંધ કરવાની ચીમકી આપવામાં આવી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ બંધના એલાનને સમર્થન આપી શકે તેમ હોવાથી બેંકોમાંથી રોકડનો ઉપાડ તેમજ ચેક કલીયર માટેની તમામ કામગીરી ખોરવાઈ શકે છે. હાલમાં સંસદમાં શિયાળુ સત્ર ચાલી રહ્યું છે જેથી સરકાર ગમે તે ઘડીએ કાયદા સુધારો લાવી શકે તેમ જણાઈ આવતાં યુનિયન દ્વારા સરકાર સામે લડી લેવાના મક્કમ નિર્ધાર સાથે ૨ દિવસ માટે હડતાલનું શસ્ત્ર ઉગામાયું છે.

ચુંટણી જંગ - સાબરકાંઠા જિલ્લામાં ૧૩૨ મતદાન મથક અતિ સંવેદનશીલ જાહેરાત

મતદાનના દિવસે ચુસ્ત પોલિસ બંદોબસ્ત ગોઠવાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

સાબરકાંઠાની ૨૦ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીમાં ખરાખરીનો જંગ જામશે ત્યારે મતદારો નિર્ભયી બની મતદાન કરે તે માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા અતિસંવેદનશીલ-સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરવામાં આવ્યા છે. જિલ્લાના ૮ તા લુકાના ૧૩૨ મતદાન મથકો અતિસંવેદનશીલની શ્રેણીમાં મુકવામાં આવ્યા છે. તા. ૧૯ ડિસેમ્બરે મતદાનના દિવસે આવા મતદ નિ મથકો ઉપર ચુસ્ત પોલિસ બંદોબસ્ત ઉભો કરાશે. ચુંટણી દરમ્યાન અગાઉના રીપોર્ટના આધારે જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા મતદાન મથકોને સંવેદનશીલ-અતિસંવેદનશ 'લિ જાહેર કરવામાં આવે છે. આ વખતે પણ તંત્રએ સ્થાનિક પોલિસ રીપોર્ટના આધારે મતદાન મથકોને સંવેદનશીલ-અતિસંવેદ નશીલ જાહેર કરી આવા મતદાન મથકો ઉપર કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે જરુર પડે તો એસ.આર.પી. સહિતનો ચુસ્ત પોલિસ બંદોબસ્ત ઉભો કરવામાં આવશે. જિલ્લામાં હિંમતનગર તાલુકામાં સૌથી વધુ મતદાન મથકોને અતિસંવેદનશ 'લિ જાહેર કરવામાં આવ્યા છે.

તાલુકો	સંવેદનશીલ મતદાન મથક	અતિ સંવેદનશીલ મતદાન મથક
હિંમતનગર	૪૨	૬૬
વિજયનગર	૩૪	૦૦
વડાલી	૦૬	૦૯
ઈડર	૩૬	૨૬
ખેડબ્રહ્મા	૧૨	૦૦
પોશીના	૧૬	૧૧
પ્રાંતિજ	૨૪	૦૯
તલોદ	૨૫	૧૧

૧૫મી પછી ચુંટણી પ્રચાર માટે સાનૂકૂળ માહોલ

જિલ્લામાં ૧૪ ડિસેમ્બરે વર્ષના અંતિમ લગ્નનો મહોત્સવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

જિલ્લામાં ચુંટણી અને લગ્નની મોસમ પૂરબહાર ખીલી છે. ચૂંટણીમાં ઉભા રહેલા મૂરતિયાઓ ના ટેકેદારો લગ્ન અવસરમાં મશગૂલ હોવાથી પ્રચાર કાર્યમાં વિક્ષેપ આવી રહ્યો છે પરંતુ તા.૧૪ ડિસેમ્બરે લગ્નનો અંતિમ મહોત્સવ બની રહેશે અને ત્યાર પછી એક મહીના સુધી કમુહુર્ત હોવાથી શુભ સંગો ઉપર બ્રેક આવશે જેથી ૧૫ મી પછી ચુંટણી પ્રચાર માટે ઉમેદવારોને સાનૂકૂળ માહોલ બની શકે

કમુહુર્ત શરુ થતાં એક મહિના સુધી શુભપ્રસંગો ઉપર બ્રેક

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગતવર્ષે કોરોનાના કારણે લગ્નના અવસરો ઉપર સીમિત સંખ યાના કારણે બ્રેક લાગી હતી. આ વર્ષે જુલાઈ પછી સરકારે છૂટછાટ આપતા પાછલા દોઢ મહિનાથી ગામેગામ લગ્નના અવસરની ભરચક સિઝન ખુલી હતી. દરરોજના અસંખ્ય લગ્નોના કારણે અનેક લોકોને ત્યાં લગ્નની આમંત્રણ પત્રિકાના થપ્પા લાગ્યા હતા. કોના ત્યાં જવું? કોના ત્યાં હાજરી આ પવી? તેવી અનેક વિટંબણાઓ અનેક પરીવારોને સતાવતી રહી છે. છેલ્લા એક સપ્તાહમાં અસંખ્ય લગ્નોના કારણે લોકો પણ હવે લગ્નમાં હાજરી આપીને થાક્યા હોય તેવા ઉદ્દગાર બોલી રહ્યા છે. જો કે હવે તા.૧૪ ડિસેમ્બરે વર્તમાન વર્ષના લગ્નનો અંતિમ શુભ દિવસ છે અને ત્યાર પછી કમુહુર્ત શરુ થતાં હોવાથી તા.૧૪ જાન્યુઆરી સુધી શુભમુહુર્ત ઉપર બ્રેક વાગી જશે. જિલ્લામાં આગામી ૪ દિવસ દરમ્યાન ૯૦૦થી વધુ લગ્નો આયોજીત થયા છે. સંખ્યાબંધ લગ્નોના કારણે ચૂંટણી લડતાં અનેક ઉ મેદવારોએ પ્રચાર કાર્ય હજુસુધી શરુ કર્યું નથી અને પ્રચારમાં ઉમેદવારોને તેમના પરીવારના સભ્યો સાથે નીકળવાની ફરજ પડી છે. તા. ૧૯ ડિસેમ્બરે ચૂંટણી યોજાવાની છે. આ સંજોગોમાં ચુંટણી લડતા ઉમેદવારો માટે સમય ઓછો અને વેશ ઝાઝા જેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે. જોકે લગ્નના અવસર પછી અનેક વિસ્તારોમાં શરાબની પાર્ટીઓ યોજાવાની શરુઆત થઈ છે.

માસ્ટર ધ્રુવ યોગેશકુમાર પટેલ પોસ્ટકાર્ડ લેખનમાં સમગ્ર ગુજરાત સર્કલમાં પ્રથમ

બાયડ તા.૧૧

સાબરકાંઠા જીલ્લાની ગ્લોરીયસ પબ્લિક સ્કૂલ, હિંમતનગરના માસ્ટર ધ્રુપ યોગેશકુમાર પટેલ "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત આયોજિત પોસ્ટકાર્ડ લેખનમાં સમગ્ર ગુજરાત સર્કલમાં પ્રથમ સ્થાન હાંસલ કરી સ્કૂલ અને સમગ્ર જીલ્લા નું નામ રોશન કરેલ છે.

"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત આયોજિત પોસ્ટ કાર્ડ લેખનમાં ગ્લોરીયસ પબ્લિક સ્કૂલ, હિંમતનગરના ૩૨૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રધાનમંત્રી શ્રી ને પોસ્ટકાર્ડ લખ્યા હતા. વિદ્યાર્થીઓમાં લેખન કળા વિકસે તેવા હેતુથી આયોજિત અભિયાનને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. યુનીવર્સલ પોસ્ટલ યુનિયન દ્વારા આયોજિત પત્ર લેખન સ્પર્ધામાં સમગ્ર ગુજરાત પોસ્ટલ સર્કલ માંથી ૭૦૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. પોસ્ટલ વિભાગ તરફથી માસ્ટર ધ્રુપને સન્માન પત્ર અને રૂપિયા ૨૫૦૦૦/- (પચ્ચીસ હજાર)નો ચેક આપી ને સન્માનિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અધિક્ષક ડાકઘર, સાબરકાંઠા પોસ્ટલ ડિવિજન, શાળાના ટ્રસ્ટી શ્રી રોહિતભાઈ પટેલ, આચાર્ય શ્રી, શિક્ષકગણ તથા પોસ્ટ ઓફીસના કર્મચારીઓ હાજર હતા અને સર્વેએ વિદ્યાર્થીની સફળતાને બીરદાવી તેમજ વિદ્યાર્થીઓને આવી સ્પર્ધાઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

સાબરકાંઠા જિલ્લાની ઈડર નગરપાલિકાના નવીનીકરણ કરેલ ટાઉન હોલનું લોકાર્પણ, નવીન શોપિંગ કોમ્પ્લેક્ષનું ખાતમુહૂર્ત તેમજ ગૌરવપથના નવીનીકરણના ખાતમુહૂર્ત રાજ્યકક્ષાના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી અને જિલ્લા પ્રભારીશ્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદશ્રી દીપસિંહ રાઠોડ, ઈડર ધારાસભ્યશ્રી હિતુભાઈ કનોડિયા, પૂર્વમંત્રીશ્રી રમણલાલ વોરા, અગ્રણી શ્રી જે. ડી. પટેલ, તાલુકા અને નગરપાલિકાના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.